# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 13-02-2024** **Morning : 7.10 to 7.20**
**Day: TUESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર કરણ મકવાણા વાંચે છે.

---

- રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ વિદ્યાર્થીઓને રાષ્ટ્ર નિર્માણ અને વિકસિત ભારતના લક્ષ્યને પ્રાપ્ત કરવામાં યોગદાન આપવા જણાવ્યું છે. આજે રાષ્ટ્રપતિ શ્રી ધરમપુર ખાતે આદિવાસી જૂથના સભ્યો સાથે વાર્તાલાપ કરશે.
- કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહે જેતલપુર ખાતે નરનારાયણ શાસ્ત્રી ઇન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજી યુનિવર્સિટીનું ઉદ્ઘાટન કર્યું. આજે અમદાવાદ જીલ્લાના કેટલાક તાલુકાના સિંચાઇ સુવિધાના 402 કરોડ રૂપિયાના કામના ખાતમુહુર્ત કરશે.
- સંચાર રાજ્યમંત્રી દેવુસિંહ ચૌહાણના અધ્યક્ષસ્થાને ગાંધીનગર ખાતે રોજગાર મેળો યોજાયો.
- ડાંગ જિલ્લામાં પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના અંતર્ગત 1 લાખ 21 હજારથી વધુ લોકોને આયુષ્યમાન કાર્ડ કાઢી આપવામાં આવ્યા છે.
- એસટી નિગમ દ્વારા બસોમાં ઇન્ટિગ્રેટેડ વ્હીકલ ટ્રેકિંગ અને પેસેન્જર ઇન્ફોર્મેશન સિસ્ટમ (જીપીએસ) ઇન્સ્ટોલ કરવામાં આવ્યા છે.
- આજે વિશ્વ રેડિયો દિવસ – બહુજન હિતાય બહુજન સુખાય ના મંત્ર સાથે આકાશવાણી પરથી પ્રસારિત થાય છે માહિતી અને મનોરંજનના કાર્યક્રમ

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# President

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ વિદ્યાર્થીઓને રાષ્ટ્ર નિર્માણ અને વિકસિત ભારતના લક્ષ્યને પ્રાપ્ત કરવામાં યોગદાન આપવા જણાવ્યું છે .

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ યુવાનોને દેશની સમસ્યાઓના એન્જિનિયરિંગ આધારિત નવીન ઉકેલો માટે વિજ્ઞાન અપનાવવા વિનંતી કરી છે. રાષ્ટ્રપતિએ ગઇકાલે સુરતમાં સરદાર વલ્લભભાઈ નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજીના 20મા દિક્ષાંત સમારોહને સંબોધિત કર્યો હતો. તેમણે યુવાનોને કહ્યું કે ઈજનેરી ક્ષેત્રમાં રાષ્ટ્ર નિર્માણ માટે તમારી દ્રષ્ટિ, સમસ્યા હલ કરવાની કુશળતા અને નવીન વિચારસરણીનો ઉપયોગ કરવામાં વિજ્ઞાનને તમારા માર્ગદર્શક અને સારથિ બનાવો.

રાષ્ટ્રપતિએ દિક્ષાંત સમારોહમાં 28 વિદ્યાર્થીઓને સુવર્ણ ચંદ્રક અને 1 હજાર 434 વિદ્યાર્થીઓને ડિગ્રી એનાયત કરી હતી. આ પ્રસંગે તેમણે આ મુજબ જણાવ્યું.

(બાઇટ રાષ્ટ્રપતિ)

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે ગુજરાતના વલસાડ જિલ્લાના ધરમપુર ખાતે શ્રીમદ રાજચંદ્ર મિશનની મુલાકાત લેશે. તેઓ ધરમપુર ખાતે ગુજરાતના સંવેદનશીલ આદિવાસી જૂથોના સભ્યો સાથે પણ વાર્તાલાપ કરશે.

-----------------------------------------------------------------------

-પુલ, રૂપલ -(નવીન)

# Tankara – President

ગુજરાતનાં પ્રવાસે આવેલા રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ ટંકારા ખાતે મહર્ષિ દયાનંદ સરસ્વતીજીના 200 મા જન્મોત્સવ - જ્ઞાન જ્યોતિ પર્વ - સ્મરણોત્સવની ઉજવણીમાં ભાગ લેવા પધાર્યા હતા. યજ્ઞમાં આહુતિ આપ્યા પછી રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મુએ મહર્ષિ દયાનંદ સરસ્વતીજીના જીવન દર્શનને ઉજાગર કરતા પ્રદર્શન ખંડની મુલાકાત લીધી હતી અને મહર્ષિના વિચારો અને સમાજ ઉત્થાનના કાર્યોથી પરિચિત થયાં હતાં. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મુ અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને આ પ્રદર્શન ખંડની વિગતો આપી હતી.

ટંકારા ખાતે ૧૫ એકરમાં નિર્માણ પામનારા જ્ઞાન જ્યોતિ તીર્થની પ્રતિકૃતિના માધ્યમથી રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ આ તીર્થમાં નિર્મિત થનારા સંશોધન કેન્દ્ર, સ્કૂલ, પુસ્તકાલય, રમણીય પરિસર વગેરેની વિગતવાર જાણકારી આપી હતી.

આ પ્રદર્શન ખંડમાં રાષ્ટ્ર નિર્માણ માટે મહર્ષિ દયાનંદ સરસ્વતીજીએ ખેડેલા પ્રવાસને નકશાના માધ્યમથી રજૂ કરવામાં આવ્યો છે. મહર્ષિ દયાનંદ સરસ્વતીજીના જીવન પ્રસંગોને ચિત્રોમાં અને તેમની સાથે જોડાયેલા ઐતિહાસિક સ્મૃતિ સ્થળોને પણ વિગતો સાથે પ્રદર્શિત કરવામાં આવ્યા છે. મહર્ષિ દયાનંદ સરસ્વતીજીના નારી શિક્ષા અને મહિલા સશક્તિકરણના વિચારો ઉપરાંત વેદોમાં રહેલા વિજ્ઞાન ઉપર પ્રકાશ ફેંકતા વિચારો વગેરે આ પ્રદર્શન ખંડમાં દર્શાવવામાં આવ્યા છે.

---

-માહિતી, રૂપલ -(નવીન)

# AMIT SHAH JETALPUR

ગુજરાતની મુલાકાતે આવેલા કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહ આજે અમદાવાદ જીલ્લાના સાણંદ, બાવળા, વિરમગામ તાલુકાના નળકાંઠા વિસ્તારમાં સિંચાઇ સુવિધાના 402 કરોડ રૂપિયાના કામના ખાતમુહુર્ત કરશે.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ગઇકાલે જેતલપુર ખાતે નરનારાયણ શાસ્ત્રી ઇન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજી યુનિવર્સિટીનું ઉદ્ઘાટન કર્યું. ગુજરાત પ્રવાસે આવેલા કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આ પ્રસંગે વિશ્વાસ વ્યક્ત કર્યો કે, જેતલપુર માત્ર અમદાવાદ જ નહીં પરંતુ સમગ્ર ગુજરાતના યુવાનો માટે ફોરેન્સિક સાયન્સ અભ્યાસનું કેન્દ્ર બનશે.

જેતલપુરની જાણીતી શૈક્ષણિક સંસ્થા હેઠળ નરનારાયણ શાસ્ત્રી ઇન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજી અને ફોરેન્સીક સાયન્સ યુનિવર્સિટી સાથે ગ્રેજ્યુએશન અને ડબલ ગ્રેજ્યુએશન માટેની કોલેજ શરૂ કરવામાં આવી છે.

જેતલપુરમાં દેશની નવમી ફોરેન્સિક કોલેજ છે. આગામી દિવસોમાં ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટીને વિશ્વની અગ્રણી ટેકનીકલ યુનિવર્સિટી તરીક વિકસાવવામાં આવશે. 2025થી દર વર્ષે 30 હજાર યુવાનો ફોરેન્સિક સાયન્સ એકસપર્ટ બનીને દેશની સેવા કરશે.

આ અગાઉ ગૃહમંત્રીશ્રીએ અમદાવાદમાં મહાનગરપાલિકાના એક હજાર ૭00 કરોડ રૂપિયાના વિવિધ વિકાસકામોનું લોકાર્પણ ખાતમૂહુર્ત કર્યું હતું.

અમારા અમદાવાદના સંવાદદાતા અપર્ણા ખૂંટ જણાવે છે કે, કેન્દ્રીય ગૃહમંત્રીએ અમદાવાદ મહાનગરપાલિકાના ગૃહ, આરોગ્ય કેન્દ્ર અને માળખાકીય સુવિધાઓના વિવિધ વિકાસકામોનું લોકાર્પણ અને ખાતમુર્હત કર્યા છે.

---

-PIB, અપર્ણા ખૂંટ, રૂપલ, -(નવીન)

# PM-ROZGAR-MELA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઇકાલે સવારે વિડિયો કોન્ફરન્સિંગના માધ્યમથી સરકારી વિભાગોમાં નિમણૂંક પામેલા એક લાખથી વધુ યુવાનોને નિમણૂંક પત્રોનું વિતરણ કર્યું. દેશભરમાં 47 સ્થળોએ રોજગાર મેળા યોજાશે

જે અંતર્ગત સંચાર રાજ્યમંત્રી દેવુસિંહ ચૌહાણના અધ્યક્ષસ્થાને ગાંધીનગર ખાતે આજે રોજગાર મેળો યોજાઇ ગયો.

આ રોજગાર મેળાથી વધુ રોજગાર સર્જનનો લાભ મળવાની અને યુવાનોને તેમના સશક્તિકરણ અને રાષ્ટ્ર વિકાસમાં સીધી ભાગીદારી માટે લાભદાયી તકો મળશે. નવનિયુક્ત કર્મચારીઓ ઓનલાઈન મોડ્યુલ કર્મયોગી પ્રારંભ ૪૪૦ ઈ-લર્નિંગ અભ્યાસક્રમો દ્વારા જાતે તાલીમ પ્રાપ્ત કરી શકશે. આ પ્રસંગે મંત્રીશ્રીએ જણાવ્યું.

(બાઇટ દેવુસિંહ ચૌહાણ)

---------------------------------------------------------------------

-રીપીટ

# DANG SUKKAR CHAUDHARY

ડાંગ જિલ્લામાં પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના અંતર્ગત 1 લાખ 21 હજારથી વધુ લોકોને આયુષ્યમાન કાર્ડ કાઢી આપવામાં આવ્યા છે. જિલ્લામાં અત્યાર સુધીમાં 1100થી વધુ લાભાર્થીઓએ આ યોજનાનો લાભ લીધો છે અને ત્રણ કરોડથી વધારે રૂપિયાની સરકારે ચુકવણી કરી છે. ડાંગના ચીકટિયા ગામના એક લાભાર્થીએ પણ આ યોજનાનો લાભ લીધો છે અને તેમણે પોતાનો પ્રતિભાવ આપતા આ મુજબ જણાવ્યું હતું,

**(બાઈટ – સુક્કર ચૌધરી, લાભાર્થી)**

---

- પીટીસી – ડાંગ, વિધિ, -(નવીન)

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. વધુ સમાચાર આપ અમારી વેબસાઇટ newsonair.gov.in/Gujarati પર વાંચી શકશો..

.......................................

# S.T. BUS

ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમ દ્વારા એસટી બસોમાં ઇન્ટિગ્રેટેડ વ્હીકલ ટ્રેકિંગ અને પેસેન્જર ઇન્ફોર્મેશન સિસ્ટમ (જીપીએસ) ઇન્સ્ટોલ કરવામાં આવ્યા છે.

આ પ્રોજેક્ટના કારણે ગુજરાત નિગમને તથા મુસાફરોને ખૂબ જ ફાયદાઓ થઈ રહ્યા છે. તેના થકી નિગમને તમામ બસોનું રિયલ ટાઈમ મોનિટરીંગ મળી રહે છે, જેના કારણે તેઓ બસોની વ્યવસ્થા અને સંચાલન ખૂબ જ સુઆયોજિત રીતે થઈ રહ્યું છે.

પ્રથમ તબક્કામાં ૨૪૦૦ બસોમાં, બીજા તબક્કામાં ૨૬૦૦ બસોમાં અને ત્રીજા તબક્કામાં બાકી રહેલ અંદાજીત ૩૩૦૦ બસોમાં જીપીએસ ડીવાઈસ ઇન્સ્ટોલ કરવામાં આવ્યા છે. મુસાફરોને બસોની સ્થિતિ બતાવતી ૫૯૧ પેસેન્જર ઇન્ફોર્મેશન સિસ્ટમ પ્રથમ તબક્કામાં અલગ અલગ ૧૦૦ બસ સ્ટેશનો પર ઇન્સ્ટોલ કરવામાં આવી છે. આનાથી મુસાફરીને સરળ અને સુલભ બની રહેશે .

---

-માહિતી, કરણ -(નવીન)

# World Radio Day

આજે 13 ફેબ્રુઆરીએ સમગ્ર વિશ્વમાં વિશ્વ રેડિયો દિવસ તરીકે ઉજવવામાં આવે છે. વિશ્વ રેડિયો દિવસ અભિવ્યક્તિની સ્વતંત્રતા, જાહેર ચર્ચા અને શિક્ષણના પ્રસારમાં રેડિયોના મહત્વને સમજાવવાના ઉદ્દેશ્ય સાથે ઉજવવામાં આવે છે.

વર્ષ 2011માં યુનેસ્કોના સભ્યદેશો દ્વારા આ વિશ્વ રેડિયો દિવસ જાહેર કરવામાં આવ્યો ત્યાર પછી યુનેસ્કોએ 13 ફેબ્રુઆરી વર્ષ 2012ના દિવસને વિશ્વ રેડિયો દિવસ તરીકે પ્રથમ વખત ઉજવ્યો હતો.

આકાશવાણી અમદાવાદ કેન્દ્ર દ્વારા આજે વિશ્વ રેડિયો દિવસની અનોખી ઉજવણી કરાશે. રેડિયો ઉત્સાહી સિદ્ધાર્થ પટેલ કે જેની પાસે 200 જેટલા રેડિયો વાલ્વ સેટ છે.

તેઓ આજે આકાશવાણી અમદાવાદ ખાતે કેટલાક રેડિયો વાલ્વ સેટ પ્રદર્શિત કરશે. જો કે, આ વાલ્વ સેટ આકાશવાણી સ્ટાફ પૂરતો જ પ્રદર્શિત થનાર છે.

---

-રીપીટ

# PREZ-SMRITI-IRANI-ISNK

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ કેન્દ્રીય મહિલા અને બાળ વિકાસ મંત્રી સ્મૃતિ ઈરાની સાથે 'નયી સોચ, નયી કહાની - સ્મૃતિ ઈરાની સાથે એક રેડિયો જર્ની'ના સમાપન એપિસોડમાં તેમના જીવનના અનુભવો શેર કર્યા છે. એક કલાકના આ કાર્યક્રમનું રાષ્ટ્રપતિ ભવનમાં રેકોર્ડિંગ કરવામાં આવ્યું છે.

આ કાર્યક્રમ આજે વિશ્વ રેડિયો દિવસ નિમિત્તે સવારે 9 કલાકે આકાશવાણીના ગોલ્ડ પર અને સાંજે 7 વાગ્યે આકાશવાણી મેઘધનુષ્ય પર પ્રસારણ કરવામાં આવશે.

આ સંવાદ આકાશવાણીના તમામ સોશિયલ મીડિયા માધ્યમો પર પણ પ્રસારીત કરવામાં આવશે.

-----------------------------------------------------------------------

-પુલ, રિદ્ધિ -(નવીન)

# Shaktipeeth Parikrama Mahotsav

શક્તિપીઠ અંબાજી ખાતે આજથી પંચ દિવસીય "શ્રી ૫૧ શક્તિપીઠ પરિક્રમા મહોત્સવ-૨૦૨૪"નો આરંભ થયો . જે ૧૬ ફેબ્રુઆરી સુધી ચાલશે.

બનાસકાંઠાના સાંસદ પરબતભાઇ પટેલે પરિક્રમા મહોત્સવનો પ્રારંભ કરાવી માઇભક્તોને પરિક્રમા પથ પર પ્રસ્થાન કરાવ્યું હતું. પાલખી યાત્રા અને શંખયાત્રા સાથે શાસ્ત્રોક્ત મંત્રોચ્ચાર અને જય અંબેના જયઘોષ સાથે પરિક્રમા પથ પર માઈભક્તોએ પ્રયાણ કર્યું હતું.

આ પ્રસંગે સાંસદ પરબતભાઇ પટેલે જણાવ્યું કે, 62 કરોડ રૂપિયાના ખર્ચે ૫૧ શક્તિપીઠ પરિક્રમા પથના નિર્માણથી ભક્તો એક જ સ્થળે ૫૧ શક્તિપીઠના દર્શનનો લ્હાવો લઈ શકશે. જિલ્લા વહીવટ તંત્ર અને યાત્રાધામ વિકાસ બોર્ડ તેમજ આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા યાત્રિકો માટે આસ્થાને અનુરૂપ તમામ પ્રકારની સુવિધાઓ અને વ્યવસ્થાઓ કરવામાં આવી છે.

ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના સચિવ આર. આર. રાવલે જણાવ્યું કે, પાંચ દિવસ દરમિયાન વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોનું પણ આયોજન કરાયું છે પ્રથમ દિવસે પાલખી યાત્રા, શંખનાદ યાત્રાનો પ્રારંભ કરવામાં આવ્યો છે. જ્યારે આગામી દિવસોમાં પાદુકા યાત્રા, ચામરયાત્રા, ધ્વજા યાત્રા, મશાલ યાત્રા, ત્રિશુલ યાત્રા અને જ્યોત યાત્રા સહિતના ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરાયું છે.

---

-રીપીટ

# GNR VIKSIT BHARAT YATRA

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા ગઇકાલે વિકસિત ભારત સંકલ્પ યાત્રા રથને મેયર હિતેશભાઈ મકવાણાએ પ્રસ્થાન કરાવ્યો હતો.

બીજા તબક્કા અંતર્ગત વોર્ડ – પાંચમાં સરકારી પ્રાથમિક શાળા સેકટર 22 ખાતે રથ પહોંચ્યો હતો. આ પ્રસંગે મેયરશ્રીએ જણાવ્યું હતું કે, વિકસિત ભારત સંકલ્પ યાત્રા થકી કેન્દ્ર અને રાજય સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓના લાભ લોકોને ઘરઆંગણે મળી રહ્યો છે. મોટી સંખ્યામાં લાભાર્થીઓ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.

------------------------------------------------------------------------

-પીટીસી, ગાંધીનગર, રૂપલ -(નવીન)

# Red Cross - GIR

ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીની સુત્રાપાડા તાલુકા શાખા દ્વારા સુત્રાપાડામાં આપત્તિ વ્યવસ્થાપન તાલીમ કાર્યક્રમ યોજાઈ ગયો. આ કાર્યક્રમનું ઉદ્ઘાટન પુર્વ કેબિનેટ મંત્રી જશાભાઇ બારડના હસ્તે કરવામાં આવ્યું હતું.

અમારા ગીર સોમનાથના પ્રતિનિધિ રાજેશ ભજગોતર જણાવે છે કે આ પ્રકારની તાલીમ ગુજરાત રેડ ક્રોસ સોસાયટીના સહયોગથી સમગ્ર રાજ્યમાં ચાલી રહી છે.

આ પ્રસંગે ઉપસ્થિત અધિકારીઓ દ્વારા લોક ઉપયોગી પ્રવૃતિઓ માં જોડાવા માટે અપીલ કરવામાં આવી હતી. તાલીમમાં રોડ અકસ્માત, આગ દુર્ઘટના તેમજ અન્ય આફતોમાં કઈ રીતે પોતાનો તેમજ અન્યનો બચાવ કરવો તે અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

---------------------------------------------------------------------

-પીટીસી, ગીર સોમનાથ, કરણ -(નવીન)